ગાંધીનગર સમાચાર
તા. ૪-૩-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

કાશ્મીરમાં સંયુક્ત સરકારમાં વધતી ભાજપની ફસામણી

પીડીપીની કર્મકુંડળી જગજાહેર છે. કાશ્મીર ખીણ વિસ્તારમાં અલગતાવાદી હુરિયત જેવા પરિબળો અને સરહદ પારના પાકિસ્તાન સાથે મીઠા સંબંધો ધરાવતા આ રાજકીય સંગઠનને ઓમર-અબ્દુલ્લા-પરિવારની નેશનલ કોન્ફરંસ જેવો રાષ્ટ્રપ્રેમ નથી. એ ભારત સાથે રહેવામાં કાશ્મીરનો ફાયદો હોવાનું તો સ્વીકારે છે પરંતુ પાકિસ્તાન અને હિન્દુસ્તાન બેઉ વચ્ચે સમતુલા સાચવવાની કોશિશ પણ કરે છે. તેથી કોઈ આતંકવાદી કયારેય પીડીપીના નેતાઓને પરેશાન કરતો નથી. એ જુદી વાત છે કે ભૂતકાળમાં દેશનાં ગૃહમંત્રી પદે હતા ત્યારે એમની સુપુત્રીના અપહરણની ઘટના બની હતી (જેનો મુફતી મહંમદ સઈદને જરૂરી બોઠપાઠ મળી ગયા પછી એમનું વલણ આતંકવાદી, અલગાવવાદીઓ અને સરહદ પારના પાક નેતાઓ પ્રત્યે લગભગ શરણાગતિ જેવું જ બની રહ્યું છે તે સર્વવિદિત હકીકત છે.) ભાજપના સ્ટાર પ્રચારક તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ બધા મુદ્દાઓ ઉપરાંત પરિવારવાદના મુદ્દે પણ મુફતી અને મહેબૂબાની પાર્ટીને લબડધક્કે લીધી હતી. ભાજપ રાષ્ટ્રવાદના મુદ્દે ચૂંટણી લડતું હતું, વળી કલમ-૩૭૦ પણ એના એજન્ડા પર હતી જ. કાશ્મીર ખીણના મતદાતાઓને વિકાસમાં અત્યાર સુધી અડચણરૂપ બની રહેલી આ કલમ વિશે સુપરિચિત કરાવવાની કોશિશ પણ કરાઈ હતી. જોકે આ મુદ્દે અક્કડ વલણ ધરાવવાથી નુકશાન થવાની સંભાવના વરતાતાં ભાજપનાં હાઈકમાંડે એ મુદ્દે ચુપકીદી ધારણ કરી હતી. કદાચ ત્યારે જ ભાજપને અંદાજ આવી ગયો હતો કે જમ્મુ-કાશ્મીરમાં એકલા હાથે સત્તા હાંસલ કરવાનું શક્ય નહોતું. નેશનલ કોન્ફરંસના નેતા અને તત્કાલીન મુખ્ય મંત્રી ઓમર અબ્દુલ્લા તો ભાજપ-પીડીપી વચ્ચેની ગુપ્ત સમજૂતી વિશે ખૂલ્લખુલ્લું સાપેક્ષ પણ કરતા રહ્યા હતા. આખરે સત્ય છાપરે ચડીને બોલ્યું અને સાત અઠવાડિયાનાં રાષ્ટ્રપતિ શાસન પછી ઘીના ઠામમાં ઘી પડ્યું હોય એમ પીડીપી - ભાજપની સંયુક્ત સરકાર રચાઈ ગઈ. પરંતુ સૈદ્ધાંતિક અને વિચારસરણીની રૂએ ઉત્તરધ્રુવ - દક્ષિણ ધ્રુવ જેવું અંતર ધરાવતી પાર્ટીઓ 'કોમન મિનિમમ પ્રોગ્રામ' નક્કી કરી દીધા પછી પણ પોત પ્રકાશ્યા વગર રહે એ વાતમાં માલ નથી. પીડીપીએ ભાજપ જેવી હિંદુત્વવાદી પાર્ટી સાથે સમાધાન કરી લીધું તે ખીણની પાક પરસ્ત પ્રજાને ન જ ગમે તે સ્વાભાવિક છે. આથી મુફતી મહંમદ સઈધ મુખ્યમંત્રી પદની ખુરશી સંભાળતાવેંત કાશ્મીરમાં શાંતિપૂર્વક ચૂંટણી સંપન્ન થઈ શકી એનો જશ પાકિસ્તાન ઉપરાંત હુરિયત જેવાં અલગતાવાદી પરિબળોને આપતું નિવેદન ઝીંકીને ભાજપ માટે મુસીબત ઊભી કરી દીધી છે. વિપક્ષને આ મુદ્દે સદનમાં બેઉ ગૃહોમાં ઊહાપોહ કરવાની અને સત્તાધારી પક્ષને ભોંઠપમાં મૂકવાની તક મળી ગઈ છે. ગૃહમંત્રી રાજનાથે પત્રકારો સાથે તો આ મુદ્દે મૌન સેવ્યું હતું પરંતુ સંસદમાં એમને ધરાર કબૂલવું પડ્યું કે એમની સરકાર મુફતીના નિવેદન સાથે સહમત નથી. ચૂંટણી સુલેહશાંતિપૂર્વક યોજી શકાઈ એનું શ્રેય એમણે ચૂંટણી પંચ તથા સુરક્ષાદળોને અને પ્રજાને આપવાનો પ્રયાસ કર્યો. પણ વિપક્ષે આ મુદ્દે વડાપ્રધાનના નિવેદનની માગણી કરીને બેઉ ગૃહોની કામગીરી ખોરંભે પાડી રહેલ છે. વિપક્ષના ભાથામાં મુફતીના માણસોએ ઉદારતાપૂર્વક બીજું એક તીર પણ સુપરત કરી દીધું છે. સંસદ પર થયેલ ઐતિહાસિક હુમલાના 'માસ્ટર માઈન્ડ' અફઝલ ગુરુને અપાયેલ ફાંસીમાં કાયદાકીય રીતરસમનું ધરાર ઉલ્લંઘન થયું હોવાનું ખુદ મુફતીએ નિવેદન કર્યું છે. અફઝલ ગુરુના અવશેષો કાશ્મીરમાં દફનાવવાની માગણી બુલંદ થઈ છે, જેમાં પીડીપીના ધારાસભ્યોએ અપક્ષ ધારાસભ્ય રાશીદ એન્જિનિયરે ૨૦૧૧માં અફઝલ ગુરુને માફી આપવી જોઈએ - એવી દરખાસ્ત મૂકેલી. પીડીપીના ધારાસભ્યો એનું સમર્થન કરીને કહે છે કે અફઝલ ગુરુને ઉતાવળે અપાયેલી ફાંસી ન્યાય અને બંધારણની સરેઆમ મજાક સમી જ હતી. મહેબૂબા મુફતી ભલે આને 'ટીથીંગ પ્રોબ્લેમ' ગણાવતાં હોય પણ ભાજપ માટે પીડીપીનું આ વલણ ગળાની ફાંસ બની રહ્યું છે. સત્તા ખાતર સમાધાન તો કરી લીધું પણ 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ ન્યાયે પીડીપીએ એનો પરચો બતાવી દીધો છે. મોદી સહિત ભાજપના તમામ નેતાઓને એનો ખુલાસો કરવાનું અને પીડીપીની માગણીઓ સ્વીકારવાનું ભારે જ પડવાનું છે, એમાં શંકાને સ્થાન નથી.

બાબાસાહેબ આંબેડકરનું નામ શહેરના રાજમાર્ગ કે શાળા સાથે જોડવા રજુઆત

ગાંધીનગર, તા. ૩

ભારત રત્ન બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે ગાંધીનગર શહેરમાં કોઈપણ શાળા કે મુખ્ય રાજમાર્ગ સાથે જોડવામાં આવેલ નથી. ગાંધીનગરમાં આવેલ સર્કલો-મુખ્ય માર્જમાર્ગ સાથે મહાનુભાવોના નામ જોડવામાં આવ્યા છે. પરંતુ ગાંધીનગરમાં આવેલ શાળા કે સર્કલો મુખ્ય રાજમાર્ગ સાથે ડો. બાબાસાહેબનું નામકરણ કરવા ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા રજુઆત પણ કરેલ છે. તો આગામી ૧૪મી એપ્રિલના રોજ ૧૨૪મી જન્મ જયંતિ છે અને ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમો થનાર છે. મહાપુરૂષની સ્મૃતિમાં ડો. બાબાસાહેબના નામ સાથે જોડવા સમિતિના પ્રમુખશ્રી પ્રવીણભાઈ બી. શ્રીમાળી અને મહામંત્રી શ્રી વિઠ્ઠલભાઈ જે. પરમારે સરકારશ્રી અને ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનને વિનંતી કરેલ છે.

સેવાક્ષેત્રે પ્રોત્સાહિત કરતો પરિસંવાદ

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જાહેરક્ષેત્રમાં લોકચાહના ધરાવતા લોકસેવક સુકેતુભાઈ મહેતાની હાજરીમાં શાળાના તમામ બાળકોને સેવાક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ બાળકોને રક્તદાન કરવાના ફાયદા તથા સમાજના નબળા અને પિડિત વર્ગને કઈ રીતે ઉપયોગી થઈ શકાય તેની માહિતી સુકેતુ મહેતા દ્વારા પુરી પાડવામાં આવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સમગ્ર રાજપૂત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૩

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાંથી રાજપૂત સમાજના દિકરા-દિકરીઓનો જીવનસાથી પસંદગી મેળો અને પુસ્તિકાનો પ્રોગ્રામ એપ્રિલ મહિનામાં યોજવાનું નક્કી કરેલ છે. જે અંગેના ફોર્મ રાજપૂત ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતેથી તા. ૧-૩-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૫ સુધીમાં સંપૂર્ણ વિગત ભરીને ફીના રૂ. ૧૧૦ની પાવતી લઈને ફોર્મ જમા કરાવવાના રહેશે.

સમગ્ર રાજપૂત પરીવારોને આ જીવનસાથી પસંદગી મેળાવડામાં અને તેની પુસ્તિકાના વિમોચન બાબતે યોગ્ય દિકરા દિકરીઓને વધારેમાં વધારે ભાગ લેવા સહકાર આપવા અને તેમાં સહભાગી થવા માટે જાહેર નિમંત્રણ છે.

આ પસંદગી મેળામાં સમગ્ર ગુજરાતમાંથી ફોર્મ એકત્ર કરવાનું કમીટીએ નક્કી કરેલ છે. જેથી તે અંગેના ફોર્મ ગુજરાતની તમામ રાજપૂત સંસ્થાઓ, મંડળો અને પરિવારોએ મેળવીને સમય સર જમા કરાવવા અને વધારેમાં વધારે તેનો બહોળો પ્રચાર કરવા માટે રાજપૂત સમાજના પ્રમુખ કરણસિંહજી વાઘેલાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

હરિની દૃષ્ટિ...

વરસાદની છત્રી..., તડકાની છત્રી... સ્વાઇન ફ્લુનો માસ્ક... તો લીધુ... વળી હવે સ્વેટર પણ લેવાનું... ?!

એ. એ. પટેલ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨૩ અશ્વિનભાઈ એ. કોમર્સ કોલેજમાં ૧૩મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ટ્રીટોનના સંજય ચક્રવતી ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં વિદ્યાર્થીઓને વિવિધ માહિતી આપવામાં આવી હતી. ગાંધીનગર કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજનો ૧૩મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. આજરોજ ખીમજી વિશ્રામ હોલમાં સંજય ચક્રવતીના મહેમાન પદે યોજાયો હતો. સમારોહમાં વિદ્યાર્થીઓને નિષ્ફળતામાંથી સફળતા મેળવવા માટેની દિશાઓ અને વિવિધ તબક્કાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ વિડીયો દ્વારા મોટીવેશન પ્રોગ્રામ દર્શાવવામાં આવ્યો હતો.

સમારોહમાં ડાયરેક્ટર ડી.ટી. કાપડિયા, ભાનુભાઈ ચૌધરી, સરપંચ પ્રો. સમીર પંડ્યા, પ્રા. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. વિજ્ઞા ઓઝા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓની વહારે શહેર વસાહત મંડળ : પોલીસ સાથે ચર્ચા

ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારના નાગરિકો સાથે લોકદરબારમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાવડા દ્વારા નાગરિકો સાથે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓની પરીક્ષાઓ થનાર છે. તે દરમ્યાન મેળાવડાઓ, સંગીત જલસાઓ, લગ્નો તથા જાહેરમાં અવાજ પ્રદુષણ ફેલાવી વિદ્યાર્થીઓને વાંચનમાં ખલેલ પહોંચાડવામાં ન આવે તેવી જાહેર વિનંતી સુચનાઓ બહાર પાડવામાં આવશે. નાગરિકોને સંયમ રાખવા જણાવેલ છે.

ભવિષ્યની પેઢીને ધ્યાનમાં રાખી શિક્ષકોમાં ક્ષમતા બંધારણ થાય : વસુબેન

ગાંધીનગર, તા. ૩

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર ખાતે એન.સી.ટી.ઈ. ન્યુ દિલ્હી અને આઈ.આઈ.ટી.ઈ.ના સંયુક્ત ઉપક્રમે ટીચર એજ્યુકેશન રેગ્યુલેશન, ૨૦૧૪ નોર્મ્સ, સ્ટાન્ડર્ડ એન્ડ ન્યુ કયુરીકુલમ ફ્રેમવર્ક્સ વિષય પર બે દિવસના ઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનુ ઉદ્‌ઘાટન મંત્રી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત પ્રો. ડો. વસુબેન ત્રિવેદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં એન.સી.ટી.ઈ.ના ચેરપર્સન ડૉ. સંતોષ પાંડા, પ્રિન્સિપલ સેક્રેટરી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મુકેશ પુરી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના કુલપતિ ડૉ. મનોજ સોની, આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. શશીરંજન યાદવ, આઈ.આઈ.ટી.ઈ.ના ડીન અને પ્રિન્સિપાલ ડૉ. કલ્પેશ પાઠક તેમજ રજીસ્ટ્રાર ડૉ. મધુસુદન મકવાણા મંચ પર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા, દાદરનાગર હવેલી અને દીવ અને દમણ રાજયના મહાવિદ્યાલયોના શિક્ષણ વિભાગના ડીનશ્રી, વિભાગાધ્યક્ષો, બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓ તેમજ બી.એડ. કોલેજના આચાર્યઓ મળી કુલ ૯૦થી વધારે ડેલીગેટ્સએ ઓરીએન્ટેશન વર્કશોપમાં ભાગ લીધો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ વર્મા કમિટીના સુચન મુજબ બી.એડ. અને એમ.એડ. કક્ષાના અભ્યાસક્રમના વધારેલ સમયગાળા અનુસાર અભ્યાસક્રમની પુનઃ રચના કરવાનો હતો.

મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ભવિષ્યની પેઢીને ધ્યાનમાં રાખી શિક્ષકોમાં ક્ષમતા બંધારણ થાય તેવા અભ્યાસક્રમ ઘડવાની હિમાયત કરી હતી. શિક્ષણ, સંસ્કૃતિ અને યોગના સમન્વયથી શિક્ષણના ક્ષેત્રને ઉજ્જવળ બનાવવાની વાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અભ્યાસક્રમ તૈયાર કરતી વખતે જે તે સંસ્કૃતિને બાજુ પર ક્યારેય ન મુકી શકાય. શિક્ષણનું કામ

(તસવીર : કશ્યપ નિમાવત)

સંસ્કૃતિને અનુરૂપ વ્યક્તિત્વો ઘડવાનું છે જે રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપી શકે. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ યુનિવર્સિટીની સ્થાપના માટેની દિર્ઘ દૃષ્ટી યાદ કરી વૈશ્વિક સ્તરના શિક્ષકો તૈયાર કરવા અને તમામ શૈક્ષણિક સંસ્થાઓ તે દિશામાં આગળ વધે તેવી અપીલ કરી હતી.

એન.સી.ટી.ઈ.ના ચેરમેન ડૉ. સંતોષ પાંડાએ જસ્ટીસ વર્મા કમીશનનો સંદર્ભ ઢાંકીને શિક્ષક પ્રશિક્ષણને ઉચ્ચશિક્ષણ સાથે જોડવાની વાત કરી હતી. તેમણે શિક્ષક પ્રશિક્ષણમાં આઈ.સી.ટી.ના ઉપયોગ, યોગ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર ભાર આપ્યો હતો. તેમણે અભ્યાસક્રમ, સંસ્કૃતિ અને સમાજને સાંકળવાની વાત કરી હતી. તેમણે શિક્ષણમાં સંશોધનોને વેગ મળે અને શૈક્ષણિક વિકાસ સાધવા માટે સૌને આગળ આવવા અને પ્રયત્નશીલ થવા સુચન કર્યુ હતુ.

કાર્યક્રમ દરમ્યાન આઈ.આઈ.ટી.ઈ. ના કુલપતિ ડૉ. મનોજ સોનીએ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા દસકામાં ગુજરાતે અગ્રેસર થવા આદરેલા પ્રયત્નોની વાત કરતા કહ્યું કે આવનાર વર્ષોમાં ગુજરાત શિક્ષણના માળખામાં સિમાચિહ્નો સ્થાપિત કરવા માટે શક્તિમાન છે. તેમણે શિક્ષણને વધુ અસરકારક બનાવવા શિક્ષકમાં કૌશલ્ય, સર્જનાત્મકતા, નવીનીકરણ અને વલણ કેળવવાની વાત કરી હતી.

પ્રિન્સિપલ સેક્રેટરી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મુકેશ પુરીએ તેમના પ્રવચનમાં તેમના શિક્ષક તરીકેના અનુભવોને ટાંકતા સુચવ્યું કે વૈશ્વિક સ્તરના શિક્ષકો તૈયાર કરવા માટે પ્રશિક્ષણાર્થીઓમાં ગૌરવ અને આત્મવિશ્વાસ પેદા કરવાની જરૂર છે.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડૉ. કલ્પેશ પાઠકે કહ્યું હતું તેમજ આભારવિધિ ઈન્ચાર્જ રજિસ્ટ્રાર શ્રી મધુસુદન મકવાણાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભૌતિકશાસ્ત્ર વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. જુમીશ્રી પાઠકે કર્યું હતું. આ વર્કશોપને સફળ બનાવવા આઈ.આઈ.ટી.ના ટીચીંગ અને નોન ટીચીંગ તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

સુજાણ પ્રજાને કેટલા સંતાન ? કુટુંબનો વિસ્તાર કે નિયોજન ?

વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

મારા એકના એક!
આજે બહુ દિવસે ટીનીયાના હાથમાં પપ્પા આવ્યા
પૂછી જ લીધું... માસી-કાકી... કોને કહેવાય?
પપ્પાએ કહી દીધું - મમ્મીની બહેન તે માસી
કાકી પણ શોધને ક -ની લાઈનમાં ક્યાંક આગળ...
બધું આવું જ પૂછીશ તો...
પછી જવાબ છે... બેટા...
એ તો એમ જ હોય મારા એકના એક
પપ્પાના ભાઈને - કાકા કહેવાય પપ્પાએ કહ્યું
આંખો પહોળી કરી દિકરો બોલે - આઈ અન્ડરસ્ટેન્ડ!
પણ પપ્પા મારે ફોઈ કેમ નથી ?....
પપ્પાનો એ જ જવાબ
એ તો એમ જ હોય મારા એકના એક
છેલ્લે રડતા દિકરાએ કહ્યું,
પપ્પા મારે કોની સાથે રમવું?
મલકાતી મમ્મીએ પપ્પા સામે જોઈને કહ્યું,
રમ ને હવે... ટીવી સાથે.. , બેટ-બૉલ સાથે
એ તો એમ જ હોય મારા એકના એક

હવે સંબંધોની ચાસણી ચડતી નથી અને ચુલા પર કશું ગળ્યું શેકાતું નથી. મમ્મી અને પપ્પા સાથે એકનો એક વીર અને ધુરંધર ઘર-ઘર રમે તેવા સુંદર દિવસો આવી ગયા છે! આંસુ પણ થીજી જાય તેટલી ઝડપે અને ઠંડા દિલથી આપણે દોડ્યા કરીએ છીએ. આકાશ સામે જોવાની આપણને બીક લાગે છે કારણકે કદાચ તેના સાચા રંગોથી આપણે ગંદા જઈએ તો? બાળક પણ ટીવીના પાત્રોમાં મમ્મી-પપ્પાને શોધી રહ્યો હોય તેવું લાગ્યા કરે છે. નકલી સંબંધો અસલીને ટપી જાય તેવો અભિનય કરી જાય તો બાળક તો છેતરાઈ જ જવાનોને? માટીથી હાથ સાફ થાય કે બગડે તેની સૂજ હવે જવા લાગી છે. માટીમાં રહેલી મમતાને બાથમાં લેવા નીચે નમીને ભૂમિને માની જેમ ચુમી લઈએ તો તેની શક્તિની જાણ થાય.

સંયુક્ય કુટુંબની ઓળખ શું છે? - એ બધા વડિલોને ખબર છે. (તેની મજા તેમણે આજની પેઢીને સંભળાવવી જોઈએ) મોટા પરિવારમાં બાળકોને હૂંફ મળે છે. બાળપણથી જ તેમનામાં સમાજભાવના અને કુટુંબભાવના વિકસે છે. પરિવારના સભ્યો એક-બીજાને જાળવતાં શીખે છે. જવાબદારી ઓછી થઈ જાય છે. આંતરિક ઝઘડો વડીલોની હાજરીમાં આગળ વધતાં અટકી જાય છે. સ્ત્રી, પુરુષોને પોતાનું મન હળવું કરવા સાથીદારો મળી રહે છે... આવા તો અનેક ફાયદા સંયુક્ત પરિવારમાં રહેવાના છે.

સમાજ બંધાય છે સુજાણ -હોંશીયાર લોકોની સક્રીયતાથી. લેખિકા ડૉ. નલિની ગણાત્રા લખે છે કે આપણે આ માટે ફક્ત એક ખૂબસૂરત જોખમ કરવાનું છે અને તે એ કે ઘરના બધાંએ એક-બીજાના પ્રેમમાં પડી જવાનું! એકબીજા પ્રત્યે સ્વાર્થવિહીન પ્રેમ, ભાવના હશે તો સંયુક્ત પરિવારમાં રહેવાના લાભ વધી જશે...

સાધના મેગેઝિનના એક અંકમાં સરસ ચર્ચા ચાલી હતી. હવે ખેતીવાડી કરવામાં આજના યુવાનો માનતા નથી. પરંપરાગત ઉદ્યોગો કે કામો પર હવે કોઈ પરિવારનો ઈજારો રહ્યો નથી. પરિણામે પહેલાં એક જ કામ ખેતીવાડી કે પરિવારનો પરંપરાગત બિઝનેસ પરિવારના સભ્યોને એકજૂથ રાખતો. ઘરના બધા જ સભ્યો એક ધંધો કરતા, પરિણામે ભેગા પણ રહેતા. આજે ઘરનો દરેક સભ્ય અલગ અલગ કામ કરી રહ્યો છે. બીજું મહિલાઓ હવે ઘરમાં રહી ગૃહિણી બની રહેવામાં માનતી નથી. મહિલાઓ હવે ઘરની બહાર નીકળી સ્વાવલંબી બનવા નોકરી કરી રહી છે. યુવાનો કરિયર બનાવવા ગામમાંથી શહેરમાં આવી રહ્યા છે. ન છોડવું હોય તો પણ સંજોગોવશાત પરિવાર છોડવો પડે તેવો સમય આવ્યો છે. આ વિશે પણ આપણે વિચારવું પડશે.

આપણે જાણીએ છીએ કે એક સંતાન પણ કુટુંબને તારી શકે, પણ એ તર્ક આગળ ચલાવીએ તો બીજું સતાન નબળું આવશે એવું આપણે કેવી રીતે માની લીધું. રવિન્દ્રનાથ ટાગોર કે અબ્દુલ કલામ કેટલામું સંતાન હતા ? એ પણ જાણવું જોઈએ. મુસીબત સામે લડવાની હિંમત સંયુક્ત પરિવાર આપી શકે. જીવન એટલે સમસ્યાઓનું પડીકું... ડગલે ને પગલે જીવનમાં મુસીબતો આવવાની જ. વિભક્ત કુટુંબ કરતાં સંયુક્ત પરિવાર હોય તો ગમે તેવી મુશ્કેલીઓ આવે તે સરળતાથી પાર થઈ જાય છે, તેથી શરૂઆતમાં ત્રણ ઉદાહરણો જુવો... તમે ઘરે હાજર નથી ને દીકરાની સારવાર કરવા પરિવાર પહોંચી જાય છે. દીકરાને ડાક્ટર બનાવવા આખું કુટુંબ એકજૂથ થઈ જાય છે. મુસીબત ગમે તેટલી મોટી હોય પણ જો મુસીબત સામે લડનારી ફોજ મોટી હોય તો? તો તે નાના રાઈના દાણા જેવી થઈ જાય છે. મુસીબત પરિવારના સભ્યોમાં વહેંચાઈ જાય છે.

તામસિક લોકો સામે સાત્વિક લોકોની સંખ્યા પણ કામ કરી જાય છે. સોસાયટી કે ગામમાં બધા ઘર બંધ કરી સૂઈ જશે તો સુરક્ષા કે સમાજના પ્રશ્નોની કોણ ચર્ચા કરશે? આજે ધોળે દહાડે ખૂન, લૂંટ, બળાત્કાર જેવા બનાવો બનતા રહે છે. મોટે ભાગે એકલા રહેલા દાદા-દાદીઓ પર હુમલાઓ થાય છે. બપોરના સમયે ગૃહિણી એકલી હોય એવા સમયે લૂંટારુંઓ ઘરમાં ઘૂસી હુમલો કરી બધું લૂંટી જાય છે. જો સંયુક્ત પરિવાર હોય તો ગૃહિણી કે વૃદ્ધોને સાવ એકલા રહેવાનું ભાગ્યે જ બને છે. ઘરમાં પાંચ-છ વ્યક્તિ તો હંમેશાં હાજર જ હોય છે. આફત સામે સુરક્ષા માટે સંયુક્ત પરિવાર એક મોટી શક્તિ છે. બધાની સાથે રહેવાથી વૃદ્ધાવસ્થા આરામથી વ્યતિત થઈ જવાનો વૃદ્ધોમાં સંતોષ જોવા મળે છે. ટૂંકમાં સંયુક્ત પરિવાર એટલે સુરક્ષાની ગેરંટી... બાળકો, વૃદ્ધ, અપંગ, પાગલ, વિધવા સૌને અહી આશ્રય મળી જાય છે.

બિમારી કે મુશ્કેલ સમયમાં ઘરના લોકો જ મદદ કરી શકે. એકનો એક દિકરો કામે ગયો પછી શું? સંયુક્ત પરિવારમાં બધા જ સચવાઈ જાય છે. પરિવારમાં બે-ત્રણ ભાઈ હોય તેમાં એકાદ ભાઈ નબળો હોય, ઓછું કમાતો હોય કે માંદો હોય તો પણ પરિવારમાં તે સચવાઈ જાય છે. વૃદ્ધ કાકા અને બિમાર વિધવા ફોઈ કે પરિવારમાં કોઈ અપંગ હોય સંયુક્ત પરિવારમાં સૌ સચવાઈ જાય છે. ઘરનું એકાદ સભ્ય હાસ્પિટલમાં હોય તો પણ તકલીફ પડતી નથી. ઘરની એક વ્યક્તિ બીમારની પાસે બેસે, એકાદ જણ ટિફિન પહોંચાડી આવે, એક રાત્રે તેની પાસે સૂએ. બધા જ કામ અને જવાબદારી વહેંચાઈ જાય છે, જેને કારણે કોઈ મુશ્કેલી પડતી નથી. બાળકને સાચવવું એ કામ નહિ પણ મૂડી રોકાણ છે. બેંક તો નિર્જીવ રૂપિયા આપશે પણ દિકરો કે દિકરી ખરા સમયે કામ હળવું કરી આપશે. આબરું વધારશે અને દેશની સેવા તો ખરી જ.

બાળકને બધા પ્રકારના વાતાવરણની જરૂર છે. કોઈ તેને પરાક્રમ તો કોઈ જ્ઞાનની વાત કરે. કોઈ ઉત્સવની તો કોઈ શાસ્ત્રોની. કેટલા માતા કે પિતા આ બધી વાતો કરી શકવા સક્ષમ હશે? બાળકોનું શ્રેષ્ઠ ઘડતર સંયુક્ત પરિવારમાં જ થઈ શકે. બાળકોને મોજ-મસ્તી કરવા મળે તો તે ખાધા વગર પણ અલમસ્ત રહી શકે છે. અમે બે અને અમારા બેવાળા કુટુંબની સ્થિતિ જુવો. પતિ-પત્ની તેના નાના બાળક માટે રીતસર બૂમો જ પાડતાં હોય છે. બહુ તોફાની થઈ ગયો છે, જિદ્દી થઈ ગયો છે. બાળકને નહાવા-ધોવાથી લઈને ખવડાવવા - સુવડાવવા સુધીની બાબતોમાં માતા-પિતાએ રીતસર બાળકની જેમ દોડા-દોડી કરવી પડે છે. એકલું બાળક કશું ન મળતા ફિકા આનંદની પાછળ દોડે... પછી તે વ્યસન હોય કે કોઈ લત...

વહેલી તકે બાળક જુદા જુદા પ્લે-ગ્રુપમાં જાય તેનો આનંદ લેવાની જરૂર ખરી કે? માતાના દૂધની બદલે કોઈ દૂધ ચાલે? બાળકને માતાની હૂંફનો ખોળો અને માથા પર હાથ ફરે એટલે બધા દુખો દૂર. સંયુક્ત પરિવારમાં બાળકની ચિંતા જરા પણ નહિ કરવાની. જે સંયુક્ત કુટુંબમાં રહેતા હશે તેણે અનુભવ્યું હશે કે દાદા-દાદી-કાકા-ફોઈના સાંનિધ્યમાં બાળક હસતાં-રમતાં મોટું થઈ જાય છે. વળી સંયુક્ત કુટુંબમાં ઉછરેલ બાળકમાં લાગણી, પ્રેમ, દયા-માયા ઠાંસી ઠાસીને ભરેલાં હોય છે. તેનો સ્વભાવ મળતાવડો હોય છે. સંયુક્ત કુટુંબમાં તેને એક નહિ અનેક ગુણો મળે છે. કાકા-કાકી, ભાઈ-બહેન, દાદા-દાદીમાંથી તે અનેક ગુણો આત્મસાત્ કરી સર્વગુણસંપન્ન બની જાય છે. કાકાની બાઈક પર ફરીને, ફઈનાં લાડ નીચે ભણીને, દાદા-દાદીની વાર્તા સાંભળીને નાનાં-મોટાં ભાઈ બહેનો વચ્ચે હસી હસી મોટા થયેલા બાળકમાં સંસ્કારનું સિંચન ન થાય તો જ નવાઈ લાગે! સંયુક્ત પરિવારમાં બાળક ખીલે છે, તે કહ્યાગરું બને છે. પ્રેમાળ બને છે. જીવનની કઈ પાઠશાળામાં મસ્તી-ધમાલ સાથે બાળકને આવા પાઠ ભણવા મળશે?